# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-02-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતી વકીલ** વાંચે છે.

---

## P.M.મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 131-મી કડી હશે. આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી સમાચાર વૅબસાઈટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઇલ ઍપ્લિકેશન પર “મન કી બાત” કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

તેમ જ A.I.R. ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પર પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ “મન કી બાત” કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આજે સાંજે 7 વાગીને 5 મિનિટે આકાશવાણી ભુજ પરથી પ્રસારીત થશે.

-----------------------------------------------------------------------------------------------

## રાજ્ય પોલીસ વડા કચ્છ મુલાકાત :

કચ્છ સરહદી વિસ્તાર હોવાથી તેની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં વિવિધ એજન્સીઓ સાથે સંકલન સાધીને પોલીસ પણ રાષ્ટ્રહિતમાં મહત્ત્વની ભૂમિકા ભજવવા કટિબદ્ધ હોવાની વાત રાજ્ય પોલીસના વડા બન્યા બાદ પ્રથમ વખત કચ્છની

મુલાકાતે આવેલા ગુજરાતના પોલીસવડા કે. એલ. એન. રાવે કરી હતી. તેમણે કહ્યું હતું કે, દેશની પશ્ચિમ સરહદે આવેલા આ જિલ્લામાં સુરક્ષાને લઈને ઢીલાશ નહીં ચલાવી લેવાય. 1992ની બેન્ચના પોલીસ અધિકારી અને છેલ્લાં 34 વર્ષ દરમ્યાન અલગ-અલગ પ્રકારની પોલીસની જવાબદારી નિભાવનારા રાજ્યના પોલીસવડા શ્રી એલ.એન.રાવે ગઈકાલે ભુજની આઈજી કચેરી ખાતે કચ્છની મુલાકાત પાછળનો હેતુ સમજાવતાં પત્રકારો સાથે વિવિધ મુદ્દાઓ પર વાતચીત કરતા જણવ્યું હતું કે ડિજિટલ એરેસ્ટના બનાવમાં કોઈ પણ ઓનલાઈન ઠગાઈનો ભોગ બનો, ત્યારે તુરંત 1930 હેલ્પલાઈન પર માહિતી આપો, જેથી વહેલી તકે સામેવાળા ખાતા ફ્રિઝ થઈ શકે. તો આવનારા દિવસોમાં બોર્ડર એરિયા ડેવલપમેન્ટનો એક એક્શન પ્લાન છે, જે અંતર્ગત સીમાક્ષેત્રના પોલીસ મથક અને આઉટપોસ્ટને મજબૂત કરાશે તેમજ પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના સૂચન મુજબ એક પોલીસ મથક દત્તક લેવાશે. જેને લઈ ગત રાત્રે નલિયા પોલીસ મથકે તેઓ પહોંચ્યા ત્યારે આ પોલીસ મથક તેમણે દત્તક લીધાની ઘોષણા કરી હતી. આજે રાજ્ય પોલીસ વડા શ્રી રાવ કચ્છના દરિયાઈ ક્ષેત્રનું નિરિક્ષણ કરશે.

---

## દિશા સમિતિ બેઠક:

સાંસદ વિનોદ ચાવડાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ભુજ ખાતે દિશા સમિતિની બેઠક મળી હતી.જેમાં  વિવિધ સરકારી વિભાગ અંતર્ગત ચાલતા વિકાસ કામોની સમીક્ષા સાથે સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવા સાંસદ દ્વારા તાકીદ કરાઇ હતી. ધારાસભ્યો દ્વારા બેંક, રેલવે, પોસ્ટ, રોડ, વીજળી, રસ્તા,પાણી સહિતના મુદે વિવિધ પ્રશ્નો રજૂ કરાયા હતા.

આ સાથે કચ્છ કલેકટર આનંદ પટેલે વિવિધ વિભાગ હેઠળ થતા વિકાસકામો જનપ્રતિનિધિઓ સાથે સંકલન અને સહયોગમાં રહીને કરવા સાથે સરકારી સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને જન જન સુધી સુખાકારીના કામો સુચારૂ રીતે થાય તે બાબતે અધિકારીઓને સૂચન કર્યું હતું.

---

## અંજાર તાલુકા આયોજન સમિતિ બેઠક:

અંજાર તાલુકા પંચાયત ખાતે ટેક્નિકલ અને ઉચ્ચ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાના અધ્યક્ષસ્થાને વિકેન્દ્રીત જિલ્લા આયોજનની વિવિધ ગ્રાન્ટના કામોના આયોજન માટે અંજાર તાલુકા આયોજન સમિતિની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં તાલુકા આયોજન સમિતિના અધ્યક્ષ તથા તાલુકા પંચાયત પ્રમુખ શોભનાબા જાડેજાની ઉપસ્થિતિમાં ગત બેઠકની કાર્યવાહી નોંધનું વાંચન અને બહાલી સાથે વર્ષ ૨૦૨૬-૨૦૨૭ના વર્ષ માટે આયોજનના કામોની દરખાસ્તો રજૂ કરાઇ હતી.

---

## ટી-20 મેચ:

ટી 20 વિશ્વકપની સુપર આઠની પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડની ટીમો વચ્ચેની પ્રથમ મેચ વરસાદને કારણે રદ થઈ છે. શ્રીલંકાના કોલંબોના પ્રેમદાસ સ્ટેડિયમ પરની મેચમાં પાકિસ્તાને ટોસ જીતી બેટિંગ પસંદ કરી હતી. પરંતુ વરસાદને લીધે મેચ શરૂ થઈ શકી નહોતી. એ પછી મેચ રદ કરવા નિર્ણય લેવાયો હતો. બંન્ને ટીમો ને એક એક પોઇન્ટ અપાશે.

ટી-20 વિશ્વકપની સુપર આઠની બીજી મેચ આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે. ભારતે ગ્રુપ એ ની બધીજ ચાર મેચ જીતી સુપર આઠમાં પ્રવેશ કર્યો છે.

---

## ભુજના સેવાભાવી ડો.ગઢવીનુ અવસાન:

ભુજના સેવાભાવી તબીબ ડોક્ટર રામ ગઢવીનું ગઈ રાતે ભુજમાં અવસાન થયું છે, તેમની વય 51 વર્ષની હતી તેઓ તબીબી સંગઠન અને ભાજપ તબીબી સેલના સહકન્વીનર હતા. ભુજ નગર પાલિકાના તેઓ પૂર્વ ઉપાધ્યક્ષ અને પૂર્વ નગર સેવક તરીકે તેઓએ સેવા આપી હતી. સદગતની અંતિમયાત્રા આજે સવારે સાડા નવ વાગ્યે તેમના નિવાસ સ્થાનેથી

નિકળશે. સદગત રાજકીય અને સામાજીક ક્ષેત્રે ઘણા વર્ષોથી સંકળાયેલા હતા તથા આરોગ્ય સેવા ક્ષેત્રે સમાજમાં સામાન્ય વર્ગના લોકો માટે આર્શીવાદરૂપ સેવા આપનાર  ડો.ગઢવીના અકળ અવસાનથી સમાજમાં ઘેર શોકની લાગણી પ્રવર્તી છે. ઈન્ડીયન મેડીકલ એશોશિએશન સહતિ વિવિધ સંસ્થાઓએ તેમને શ્રધ્ધા સુમન અર્પણ કર્યા છે.

-----------------------------------------------------------------------------------------

## હવામાન:

કચ્છમાં દિવસે ગરમી અને રાત્રે સામાન્ય ઠંડીવાળું વિષમ વાતાવરણ યથાવત રહ્યું છે. છેલ્લા બે દિવસથી ઊંચકાયેલા મહત્તમ તાપમાનનાં કારણે જિલ્લાના મોટા ભાગના વિસ્તારમાં તાપનો પ્રભાવ વધ્યો છે. ભુજમાં મહત્તમ પારો ઊંચકાઇને 35.3 ડિગ્રીએ પહોંચતાં મધ્યાહ્ન સમયે ઉલ્લેખનીય ગરમીનો અનુભવ થયો હતો. હવામાન વિભાગે લઘુતમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઘટે તેવી શક્યતા વ્યક્ત કરી છે. મિશ્ર હવામાનનાં પગલે શરદી-ઉધરસ અને પેટને લગતા વાયરલ રોગોનું પ્રમાણ વધી ગયું છે.

-----------------------------------------------------------------------------------------